# સંપ ત્યાં જંપ



વરસાદ વરસતો બંધ થઇ ગયો. શાળાના છોકરાઓ નદીએ ફરવા ગયા. ટીનુ, મીનુ, પિન્કી, રાજુ, કમલેશ, નિહાર, વિરાટ, આશિષ, રમેશ બધાં નદીની રેતીમાં કૂબા બનાવવા લાગ્યાં. કૂબા બનાવે ને તોડે. બનાવે ને ખુશ થાય. ભાંગી નાખે ને ખુશ થાય. આશિષે એક મોટો કૂબો બનાવ્યો. એની બાજુમાં ધજા ફરકાવી. બધાં બાળકો આશિષે બનાવેલો કૂબો જોવા એકઠાં થયાં. બધાંએ એના વખાણ કર્યાં.

સાંજ પડી એટલે છોકરાંઓ પોતપોતાના ઘરે ગયાં. જતી વખતે બધા કૂબા ભાંગી નાખ્યા, પણ આશિષનો કૂબો કોઇએ ન ભાંગ્યો. કેવો મોટો મહેલ જેવો સરસ કૂબો હતો !

થોડી વાર પછી એક ખિસકોલી ત્યાંથી નીકળી. એને કૂબો ગમી ગયો. હળવેથી એમાં દાખલ થઇ. આખા કૂબામાં ફરી વળી. વાહ, કેવું મજાનું ઘર ! ત્યાં જ રહેવાનું એણે નક્કી કરી લીધું.

થોડી વાર પછી એક ગલૂડિયું ત્યાં ફરતું ફરતું આવ્યું. આ ઘર કોનું છે ? એણે પૂછયું.

ખિસકોલી બારી પાસે આવીને બોલી – 'ગલુડિયાભાઇ, આ ઘર મારું છે.'

"મને તમારી સાથે રહેવા દેશો ?"

"આવો ને ભાઇ, એકથી ભલા બે."

ગલુડિયું હળવેથી કૂબામાં દાખલ થયું. બંને જણાં સાથે રહેવા લાગ્યાં.

થોડી વાર પછી એક તેતર ત્યાં આવ્યું. "આ ઘર કોનું છે ?" એણે પૂછયું.

ખિસકોલી અને ગલૂડિયાએ બારણા પાસે આવીને કહ્યું – તેતરભાઇ, આ ઘર અમારું છે.

"મને તમારી સાથે રહેવા દેશો ?"

"આવો ને ભાઇ બેથી ભલા ત્રણ."

તેતર હળવેથી કૂબામાં દાખલ થયું. ત્રણે જણાં સંપીને રહેવા લાગ્યાં.

રાત પડી એટલે એક ઘુવડ આવ્યું "આવું સરસ ઘર કોનું છે ?" તેણે પૂછયું.

ખિસકોલી ને તેતર બારી પાસે ગયાં. ગલૂડિયું બારણાં પાસે ગયું. ત્રણે જણાં બોલ્યાં – ઘુવડભાઇ, આ ઘર અમારું છે.

"મને તમારી સાથે રહેવા દેશો ?"

"અમને વાંધો નથી, પણ ઘર એટલું નાનું છે કે, ચારેય જણાં રહી નહિ શકીએ."

"મારે ઘરમાં નથી રહેવું." ઘુવડે કહ્યું – "હું તો ઘરના છાપરા પર રહીશ. રાત્રે સૌની ચોકી કરીશ. દિવસે તમે કામે જશો ત્યારે હું ઘરમાં સૂઇ રહીશ."

"એ તો બહુ જ સારું !" ત્રણે જણાં ઊઠ્યાં.

ઘુવડ ઊડીને છાપરે બેઠું. ચારેય જણાં સંપીને રહેવા લાગ્યાં. ઘુવડ રાત આખી જાગે અને ઘરની

ચોકી કરે. દિવસે ખિસકોલી, તેતર, ગલૂડિયું પોતપોતાનાં કામે  જાય ત્યારે ઘુવડ ઘરમાં જઇને સૂઇ રહે. ચારેય જણાં એક બીજાં સાથે હળીમળીને રહે.

એક દિવસ રાત્રે ત્રણેય મિત્રો ઘરમાં સૂતાં હતાં. ઘુવડ ઘરના છાપરે બેસીને ચોકી કરતું હતું. ત્યાં દૂરથી વરુ દેખાયો.

ઘુવડે હાકલ કરી ! “વરુ આવે છે ! વરુ આવે છે ! જાગતા રહેજો.....”

ઘરમાં સૂતેલાં ત્રણેય મિત્રો જાગી ઊઠ્યા. ખિસકોલીએ ભાલું લીધું. તેતરે લાઠી લીધી. ગલૂડિયાએ ફરસી લીધી. ચારે જણાં વરુ પાછળ દોડ્યા. વરુ તો જાય ભાગ્યો.

પછી ક્યારેય કોઇએ એ ચારેય મિત્રોના ઘર તરફ આવવાની હિંમત ન કરી.

ફરી એક વાર જોરદાર વરસાદ આવ્યો અને નદીના પૂરમાં ફૂબો તણાઇ ગયો ત્યાં સુધી ચારેય મિત્રો સંપીને તેમાં રહ્યાં.

**સંકલન : સંસ્કાર**